# સંઘને સમજવા માટે સંઘમાં આવવું પડે, બહારથી ના સમજી શકાય: મોહન ભાગવત

## સેવાભારતી ભવન ખાતે યુવા પ્રતિભા મિલનમાં સૌરાષ્ટ્રભરના યુવાનો સાથે ખાસ ચર્ચા કરી : પંચ પરિવર્તનના વિષયો થકી નાનાં-નાનાં કામો કરીને નાગરિકોને દેશહિતમાં યોગદાન આપવા ડો. મોહન ભાગવતનું આહ્વાન






તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂ. સરસંઘચાલક ડો. મોહનજી ભાગવતનો આજે રાજકોટમાં સેવાભારતી ભવન ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના પ્રતિભાશાળી યુવાનો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. યુવાનોને સંબોધતા ડો. મોહન ભાગવતે કહ્યું હતું કે, યુવાનો વિવિધ ક્ષેત્રે દેશ માટે કામ કરે છે, ત્યારે દેશ શું છે તેની સ્પષ્ટ કલ્પના મનમાં હોવી જોઈએ. ભૂતકાળમાં આવો સ્પષ્ટ ખ્યાલ મનમાં ન હોવાથી કે ધૂંધળો પડવાથી દેશ ગુલામ બન્યો હતો. આપણો દેશ ચૈતન્યમય છે, આપણે તેને ભારત માતા કહીએ છીએ, તે કોઈ જમીનનો ભાગ માત્ર નથી. તેનું વિભાજન ન થઈ શકે, તે ભાવ સાથે જોડાયેલો છે.

સંઘના સ્થાપક ડો. હેડગેવાર દ્વારા સંઘની સ્થાપના પૂર્વે થયેલા મનોમંથનનો ઉલ્લેખ કરીને તેમણે સંઘની સ્થાપનાની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી. આ સાથે તેમણે કહ્યું કે, સંપૂર્ણ હિન્દુ સમાજને સંગઠિત કરવાના લક્ષ્ય સાથે સંઘ કાર્યરત છે. હિન્દુ શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું કે, જેમ બ્રિટનમાં બ્રિટિશ, અમેરિકામાં અમેરિકન તેમ હિન્દુસ્તાનમાં રહેનારા હિન્દુ છે. ભારત અને હિન્દુસ્તાન બંને અલગ નથી, એક જ છે, ભારત એ સ્વભાવ છે. હિન્દુ એ સ્વભાવ છે. હળી મળીને સાથે એકતાથી ચાલવાનો સ્વભાવ એ હિન્દુ છે. તેમણે કહ્યું કે, આપણી ભાવના વસુધૈવ કુટુમ્બકમની રહી છે. સનાતન, ભારતીય, ઈન્ડિક, આર્ય, હિન્દુ બધા સમાન નામો છે. પણ હિન્દુ શબ્દ સરળ છે અને સહેલાઈથી સમજી શકાય છે. આજે દેશમાં હિન્દુ સમાજને આત્મવિસ્મૃત કરવા માટે ષડયંત્રો ચાલી રહ્યા છે, તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, હિન્દુઓ આદિકાળથી, પરંપરાથી આ ભૂમિ પર રહે છે અને દેશને શક્તિશાળી અને વિકસિત બનાવવાની જવાબદારી સમગ્ર સમાજની છે. આથી સંપૂર્ણ હિન્દુ સમાજને એક કરીને, ગુણવત્તાનું નિર્માણ કરીને વિશ્વ કલ્યાણ માટે દેશને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે સંઘ નિયમિત રીતે કામ કરી રહ્યો છે.સંઘની વિશિષ્ટ કાર્યશૈલીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સંઘ શાખાના માધ્યમથી ગુણવત્તાયુક્ત, શ્રેષ્ઠ, નિષ્ઠાવાન સ્વયંસેવકો તૈયાર કરે છે. આવા સ્વયંસેવકો સમર્પણ ભાવ સાથે સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે, વિવિધ સેવાકાર્યો કરે છે. પરંતુ તે સિવાય પણ સંઘનું કામ છે. માત્ર તેમને જોઈને સંઘના કામનું મૂલ્યાંકન ન કરી શકાય. સંઘને સમજવા માટે સંઘમાં જ આવવું પડશે. દેશનું ભાગ્ય બદલવા સમગ્ર સમાજની સક્રિયતા જરૂરી છે. સમાજમાં પણ આચરણનું પરિવર્તન જરૂરી છે. જો કે બધા લોકો શાખામાં ન આવી શકે, તે ધ્યાનમાં રાખતા સંઘ દ્વારા પંચ પરિવર્તનનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે.આ કાર્યક્રમના અંતે યુવાનો દ્વારા સંઘ તથા દેશહિત સંબંધિત વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ડો. મોહન ભાગવતે વિવિધ ઉદાહરણો સાથે યુવાનોની જિજ્ઞાસાઓનું સમાધાન કર્યું હતું. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, સંઘને જાણવો હોય તો વીકીપીડિયામાં ન વાંચો, સંઘ-સાહિત્યને વાંચો. બીજાના પ્રોપેગેન્ડાના આધારે સંઘને ના સમજી શકાય. જો તમે ઉત્કૃષ્ટ રીતે, નિઃસ્વાર્થ બુદ્ધિથી, પ્રામાણિક રીતે દેશહિતમાં કોઈ કામ કરો છો, તો તમે સંઘનું જ કામ કરો છો, એવું સંઘ માને છે. આ કાર્યક્રમમાં બહેનોએ નોંધપાત્ર સંખ્યામાં ભાગ લઈ માતૃશક્તિ જાગરણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘચાલક મુકેશભાઈ મલકાણ તેમજ અન્ય જવાબદાર કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે, ડો. કેશવરાવ બલિરામ હેડગેવાર દ્વારા વર્ષ ૧૯૨૫માં વિજયાદશમીના પાવન દિવસે નાગપુરના મોહિતે વાડા ખાતેથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી. સંઘને સો વર્ષ પૂરા થતાં તેની ઉજવણી નિમિત્તે પંચ પરિવર્તનના વિષયોને સમાજના દરેક વર્ગ સુધી લઈ જવા ડો. મોહનજી દેશભરમાં પ્રવાસ કરી રહ્યા છે. સંઘની અખિલ ભારતીય પ્રવાસ યોજના અંતર્ગત તેઓ બે દિવસ રાજકોટના પ્રવાસે છે.

### સંઘ દ્વારા પંચ પરિવર્તનનો વિચાર રજૂ કરાયો

સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ- પાણી બચાવો, પ્લાસ્ટિક હટાવો, વૃક્ષો લગાવો, સ્વબોધ, સ્વદેશી, નાગરિક કર્તવ્ય આ પાંચ ક્ષેત્રમાં કોઈપણ નાગરિક નાના, મોટા કામો કરીને પણ દેશહિતમાં યોગદાન આપી શકે છે તેમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો.મોહન ભાગવતે જણાવ્યુ હતું.

# રાજકોટની સિવિલમાં પડ્યા પાથર્યા રહેતા તત્વોને હાંકી કાઢતી પોલીસ

## દર્દીના સામાન અને નાણાની ચોરીના બનાવો અટકાવવા પોલીસ એક્શન મોડમાં







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટ પી.ડી.યુ.સિવિલ હોસ્પિટલ અવારનવાર કોઈને કોઈ કારણોસર વિવાદમાં રહેતી હોય છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના પરિવારજનોના માલસામાનની ચોરીના બનાવો વધી રહ્યાં હોય અને સિવિલમાં અસામાજિક તત્વોનો જમાવડો થતો હોય જેને લઈ પ્ર.નગર પોલીસ દ્વારા સિવિલ હોસ્પિટલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને હોસ્પિટલ પંટાગણમાં પડયા પાથર્યા રહેતાં લુખ્ખા તત્વોને હાંકી કાઢવામાં આવ્યા હતાં.

સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગાઓનું સુરક્ષાના નામે મીંડુ હોય અવારનવાર દર્દીઓના ખીસ્સા કપાઈ જતાં હોવાની ફરિયાદો સામે આવતી હોવા છતાં સિકયોરિટી સ્ટાફ દ્વારા કોઈ પગલાં લેવાતાં ન હોવાની બુમરાણો ઉઠવા પામી હતી. આ ઉપરાંત સિવિલમાં નશાખોરો અને લુખ્ખા શખ્સો પડયા પાથર્યા રહેતાં હોય જેથી ગુનાખોરીનું પ્રમાણ પણ વધી રહ્યું હતું. જેને લઈ પ્ર.નગર પોલીસ સ્ટાફ દ્વારા સિવિલ હોસ્પિટલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને સિવિલ હોસ્પિટલમાં કોઈ દર્દી દાખલ ન હોવા છતાં પડયા પાથર્યા રહેતાં અસામાજિક તત્વોને પકડી તેમને હાંકી કાઢવામાં આવ્યા હતાં. સિવિલ હોસ્પિટલના પંટાગણ, પાર્કીંગ એરિયા અને વોર્ડની આસપાસના વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં અવારનવાર દર્દીઓ અને તેમના પરિવારજનોના કિંમતી માલસામાન અને રોકડ રકમની ચોરીના બનાવો બનતા રહે છે. તાજેતરમાં જ સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીના મૃત્યુ બાદ તેનાં ખીસ્સામાંથી રૂા.૧૯ હજારની રોકડ ગાયબ થઈ ગયાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. ત્યારે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના પરિવારજનોની સુરક્ષાને ધ્યાને લઈ પોલીસ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ નિયમીત ચેકીંગ હાથ ધરવામાં આવશે અને રાત્રે પણ ચેકીંગ હાથ ધરી લુખ્ખા શખ્સો અને પડયા પાથર્યા રહેતા આવારા તત્વો વિરૂધ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રાજકોટના ભીમનગરમાં મકાનમાં જુગાર રમતા ૧૧ ઝડપાયા

રાજકોટ,

રાજકોટના નાનામવા પર આવેલા ભીમનગરમાં એક મકાનમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા તાલુકા પોલીસે દરોડો પાડી મકાનમાં તીનપતીનો જુગાર રમતા ૧૧ શખ્સોને પકડી લઇ કાર્યવાહી કરી હતી. મળતી વિગત મુજબ રાજકોટના ભીમનગર શેરી નં.૫માં એક મકાનમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા તાલુકા પોલીસના પી.એસ.આઇ. એસ.પી.ચૌહાણ તથા કોન્સ. બળભદ્રસિંહ જાડુજા સહિતના સ્ટાફે દરોડો ભીમનગર શેરી નં.૫માં આવેલા મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગારરમતા મકાન માલીક કમલેશ ભનુભાઇ વઢીયારા, ભીમનગર શેરી નં.૩ના ગોવિંદભાઇ બેચરભાઇ પરમાર, ભીમનગર શેરી નં.૨ના પ્રકાશ કરશનભાઇ પાંચ, શેરીનં. ૫ના રમેશ બચુભાઇ રાઠોડ, શેરીનં.૬ના લક્ષ્મણભાઇ હરીભાઇ ઝાલા, મોહન વશરામભાઇ વાઘેલા, શેરીનં.૨ના કુલદીપ બાબુભાઇ શેખવા, શેરીનં. ૫ના નારણ રાયચંદભાઇ વાઘેલા, પ્રેમજી મોતીભાઇ જાદવ અને વેરશી શંકરભાઇ મહેરીયાને પકડીલઇ રૂા.૧૦૯૪૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટના આજીડેમ ચોકડી પાસે મહિલાના ગળામાંથી રૂા.૭ હજારના મંગળસુત્રની ચીલઝડપ

રાજકોટ,

રાજકોટ શહેરમાં આજીડેમ ચોકડી પાસે માંડાડુંગર સુંદરમપાર્કમાં ચાલીને જઇ રહેલી મહિલાના ગળામાં ઝોંટ મારી રૂા.૭ હજાર કિંમતનું મંગળસુત્ર ઝુંટવી બે શખ્સો બાઇક પર નાસી જતા ફરિયાદ થઇ છે. મળતી વિગત મુજબ ઉતરપ્રદેશના ઢાઢાચવર ગામના વતની હાલ રાજકોટમાં આજીડેમ ચોકડી માંડાડુંગર પાસે સુંદરમ પાર્ક શેરીનં.૩માં રહેતા લક્ષ્મીબેન ચંદનભાઇ ચૌહાણ (ઉ.વ.૩૫) ગત તા. ૧૧ના રોજ પોતાના ઘરેથી નીકળી ચાલી ને જતા હતા. ત્યારે બે શખ્સ બાઇક પર પાછળથી આવી મહિલાના ગળામાં ઝોંટ મારી ગળામાં પહેરેલુ રૂા.૭૫૦૦ની કિંમતનું સોનાનું મંગળસુત્ર ઝુંટવી નાશી ગયા હતા. બનાવ બનતા મહિલાએ દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા. બાદ કોઇએ પોલીસમાં જાણ કરતા આજીડેમ પોલીસે સ્થળ પર પહોંચી મહિલાની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધં ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ઘાસની ગાંસડી માથે પડતા લોધેશ્વર સોસાયટીના આધેડનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરના ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય ભરતભાઈ ગાંડાલાલભાઈ સરવૈયા ગત તા.૭મી જાન્યુઆરીના રોજ મજૂરી અર્થે કોટડા સાંગાણીના ખોખરી ગામે સિમની વિડીમાં સરકારી ઘાસની ગાડી ભરવા માટે ગયા હતા. ટ્રકમાં ઘાસની ગાંસડીઓ ચડાવતાં હોય તે દરમિયાન અચાનક એક ગાંસડી ભરતભાઈના માથે પડી હતી અને તેઓ જમીન પર પટકાયા હતા. જેમાં તેને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં કોટડા સાંગાણીની સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ દાખલ કરાયા હતા. અહીં લાંબી સારવારમાં રવિવારે સવારે તેમનું મોત નીપજ્યું હતું. ભરતભાઈને સંતાનમાં ૧ પુત્ર અને ૨ પુત્રી છે. તેમજ ૫ બહેન ૪ ભાઈમાં નાના હતા. બનાવના પગલે પરિવારમાં શોક છવાયો હતો.

# રાજકોટના મેટોડામાંથી ગૂમ થયેલા બિહારી મજૂરની કૂવામાંથી કોહવાયેલી લાશ મળી

રાજકોટ,

રાજકોટના મેટોડામાં રહેતો મુળ બિહારનો યુવાન ચાર દિવસ પહેલા ગૂમ થઇ જતાં પોલીસને જાણ કરાઇ હતી. દરમિયાન આ યુવાનની લાશ મેટોડામાં કારખાના પાછળ આવેલી વાડીના કૂવામાંથી કોહવાયેલી, ફુલાયેલી હાલતમાં મળી આવતાં ચકચાર મચી ગઇ છે. કોઇ સાથે રૂમમાં બોલાચાલી થયા બાદ તે રૂમેથી નીકળી ગયો હતો. આ પછી તેની લાશ મળી હતી. બનાવ આપઘાતનો છે કે અન્ય કંઈ? તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

જાણવા મળ્યાા મુજબ મેટોડા ગેઇટ નં. ૩ પાસે કંપનીના ક્વાર્ટરમાં રહેતો મોહમ્મદ ઇમરાન મોહમ્મદ મોઇન બિહારી (ઉ.વ.૨૦) નામનો યુવાન છ દિવસ પહેલા પોતે જ્યાં રહેતો તે રૂમમાં કોઇ સાથે બોલાચાલી થયા બાદ ત્યાંથી નીકળી ગયો હતો. ચાર દિવસ પહેલા ગૂમ થયાની જાણ મેટોડા પોલીસને કરવામાં આવી હતી.દરમિયાન ગત સાંજે મેટોડા જીઆઇડીસી સિલ્વર કારખાના પાછળ વાડી વિસ્તારમાં કૂવામાંથી દૂર્ગંધ આવતી હોઇ પોલીસને જાણ થતાં તપાસ કરતાં એક યુવાનની ફુલાયેલી, કોહવાયેલી લાશ મળી હતી. આ લાશ ગૂમ થયેલા મોહમ્મદ ઇમરાન બિહારીની હોવાનું ખુલ્યું હતું. તે છ ભાઇ અને એક બહેનમાં પાંચમો અને કુંવારો હતો. અહિ આઠેક મહિનાથી રહીને કંપનીમાં કામ કરતો હતો. તેણે આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું ? તેની તપાસ થઇ રહી છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ ફોરેન્સિક નિષ્ણાંતો દ્વારા કરાવવામાં આવ્યું છે. મેટોડા પોલીસ વધુ તપાસ કરે છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતનું સૌરાષ્ટ્રમાં આગમન

રાજકોટ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષની અખિલ ભારતીય પ્રવાસ યોજના અંતર્ગત પ. પૂ. સરસંઘચાલક ડૉ. મોહનજી ભાગવતનું આજે સૌરાષ્ટ્ર પ્રાંતની મુલાકાત અર્થે રાજકોટ સેવાભારતી ભવન ખાતે આગમન થયું છે.

મા.શ્રી મોહનજી ભાગવતનો જન્મ ૧૧ સપ્ટેમ્બર-૧૯૫૦ (દિગ્વિજય દિવસ)ના રોજ મહારાષ્ટ્રના ચંદ્રપુર ખાતે થયો હતો. તેમણે બી.વી.એસ.સી.(પશુચીકિત્સક તરીકે )નો અભ્યાસ નાગપુર વેટરનરી કોલેજ ખાતે કર્યો. તેઓ બાલ્યકાળથી સ્વયંસેવક છે. ૧૯૭૫થી અકોલા (મહારાષ્ટ્ર)થી પ્રચારક તરીકે નીકળ્યા બાદ



નાગપુર મહાનગર પ્રચારક, બિહાર ક્ષેત્ર પ્રચારક અખિલ ભારતીય શારીરિક પ્રમુખ અને સરકાર્યવાહ જેવી વિવિધ જવાબદારીઓ નિભાવી હતી. ૨૧ માર્ચ ૨૦૦૯થી તેઓ પ.પૂ. સરસંઘચાલકજી તરીકે માર્ગદર્શન કરી રહ્યા છે. તેઓનું હિંદુ રાષ્ટ્ર અને રાષ્ટ્રીય સમસ્યાનાં ઉકેલ પર ઊંડું ચિંતન છે. તેમણે યશસ્વી ભારત, વર્તમાન સમયમાં હિંદુત્વની પૃષ્ઠભૂમિ જેવા વિવિધ પુસ્તકો લખ્યા છે. તેમના પિતાજી સ્વ. મધુકરરાવજી ભાગવતે ગુજરાતના પ્રાંત પ્રચારક તરીકે દાયિત્વ વહન કર્યું હતું.

આ પ્રવાસ દરમિયાન પૂર્વ નિશ્ચિત કાર્યક્રમ મુજબ, પૂ. મોહનજીનો સમાજ પ્રબોધક અને પ્રેરક લોકો સાથે વ્યક્તિગત અને શ્રેણીશઃ વાર્તાલાપનો કાર્યક્રમ રહેશે.

સંઘ શતાબ્દી વર્ષ અંતર્ગત સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, સ્વદેશી (સ્વબોધ), પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક કર્તવ્ય એમ પંચ પરિવર્તન વિષય અંગે વ્યાપક ચર્ચા હેતુ સમાજ જીવનના સૌરાષ્ટ્રભરના વિભિન્ન ક્ષેત્રોના અગ્રણીઓ સાથે તેઓ સંવાદ કરશે. આ પ્રવાસ દરમિયાન કોઈ જાહેર કાર્યક્રમનું આયોજન નથી.

# વેરાવળ પોલીસના પેટ્રોલિંગમાં અડધા લાખના વિદેશી દારૂ સાથે ત્રણ પકડાયા

વેરાવળ,

વેરાવળ,ભાલપરા,ગાંગેથા ગામેથી વિદેશીદારૂ બોટલ નંગ ૯૧ રૂા.૫૮,૫૦૦ ના મુદામાલ સાથે ત્રણ ની અટકાયત કરેલ છે.વેરાવળ ખારવા વાડા માં રહેતા સન્ની ઉર્ફે બેટરી બાબુભાઈ ગોહેલ એક થેલામાં વિદેશીદારૂ ની લઈને ડાભોર રોડ ઉપર બાપાસીતારામ ચોકડી પાસેથી નિકળવાનો હોય જે બાતમીના આધારે તેને રોકી તલાસી લેતા તેની પાસેથી વિદેશી દારૂ બોટલ નંગ ૨૮ રૂા. ૧૪૬૦૦ સાથે ઝડપી વધુ તપાસ હાથ ધરેલ છે.

વેરાવળ ના ભાલપરા ગામે હીતેન ઉર્ફે જાડો વિનોદભાઈ વણીક મંદિર પાસે વિદેશી દારૂ લઈને ઉભો હોય તેની બાતમી મળતા તેની અટકાયત કરી બોટલ નંગ ૧૫ રૂા. ૧૩૩૦૦ નો મુદામાલ કબજે કરેલ હતો.

સુત્રાપાડા તાલુકાના પીપળવા ગામે રહેતો જયેશ પુનાભાઈ સોલંકી કોડીનાર તરફથી આવતો હોય તેને ગાંગેથા ફાટક પાસે રોકી તલાસી લેતા વિદેશીદારૂ બોટલ નંગ ૪૮ રૂા.૧૫,૬૦૦ મોટર સાઈકલ ૧ રૂા.૧૫, ૦૦૦ કુલ રૂા. ૩૦, ૬૦૦ ના મુદામાલ સાથે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

# ગોંડલના સ્ક્રેપના વેપારી સાથે ૨૮.૬૯ લાખની છેતરપીંડી

## વંથલી પંથક અને ઉપલેટના શખ્સ સામે પોલીસમાં ફરીયાદ

રાજકોટ,

ગોંડલના સ્ક્રેપના વેપારી સાથે ખાલી ગાડીનો વજન કાંટા ચિઠ્ઠ્ગઠીમાં ઓછો દેખાડી તે વજન પ્લાસ્ટીક સ્ક્રેપમાં ગણાવી ૨૮.૬૯ લાખની છેતરપીંડી કરનાર વંથલી પંથકના અને ઉપલેટાના શખ્સ સામે પોલીસમાં ફરીયાદ થઇ છે. મળતી વિગતો મુજબ ગોંડલના વિસ્તારમાં આવેલ જય પેટ ઈન્ટરનેશનલ નામે પ્લાસ્ટીક સ્ક્રેપનો ધંધો કરતા ધર્મેશકુમાર ચંદુલાલ ચાંગેલા રહે. હાલ ગોંડલ જેતપુર રોડ, નવજીવન સોસાયટી હનુમાનજીના મંદીર પાછળ એ આરોપી હીતેષ ગોવીંદભાઇ બારીયા રહે. કોયલી તા.વંથલી જી. જુનાગઢ તથા અમીત બારીયા રહે. ઉપલેટા સામે ગોંડલ તાલુકા પોલીસમાં ફરીયાદ કરી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ બંને આરોપીઓએ તા. ૨૯-૪-૨૫ થી તા.૧૧-૧૦-૨૦૨૫ દરમિયાન પ્લાસ્ટીકનો સ્ક્રેપ વાહન નંબર જી.જે.-૧૧-વીવી-૪૬૬૬ તથા જી.જે.-૦૯-વાય-૭૭૩૫ તથા જી.જે. ૩-બી.ઝેડ-૩૦૯૮ તથા જી.જે. ૧૪-એકસ-૫૧૪૪ વાળા વાહનોમાં આપી ગયેલ અને ખાલી ગાડીનો વજન કરવા તેઓ એકલા જતા અને જે ખાલી ગાડીનો ખરેખર વજન જે થતો હોય તેના કરતા ખાલી ગાડીનો વજન કાંટા ચીઠ્ઠીમાં ઓછો દર્શાવી ઓછા વજનવાળી કાંટા ચીઠ્ઠી આપતા હોય અને આ વાહનનો વજન ઓછો હોય જે વજન પ્લાસ્ટીકના સ્ક્રેપમાં ગણાવી અમારી સાથે વિશ્વાસ કેળવી ઠગાઇ કરી હીતેષ તથા તેના ભાઇ અમીતભાઈએ આશરે ૨૮,૬૯,૫૮૫ની રકમના માલની છેતરપીંડી કરી છે. આ ફરીયાદ અન્વયે ગોંડલ તાલુકા પોલીસે ઉકત બંને આરોપીઓ સામે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મનપાના કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારીનો એટીએમમાંથી પગાર બારોબાર ઉપડી ગયો: ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતાં આધેડે પોતાનો કોન્ટ્રાંક્ટર કર્મચારી તરીકેનો પગાર બેંકના જે ખાતામાં જમા થાય છે તેમાંથી કોઇએ એટીએમ કાર્ડનો બારોબાર ઉપયોગ કરી પગારની રકમ ઉપાડી લીધાની ફરિયાદ કરી છે.

આ બનાવમાં ભક્તિનગર પોલીસે જંગલેશ્વર શેરી નં.૫ હસનશાપીરની દરગાહ પાસે રહેતાં સિદીકભાઇ ગનીભાઇ જુણેજાની ફરિયાદ પરથી અજાણ્યા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ફરિયાદીએ જણાવ્યું છે કે રાજકોટ મહાનગરપાલિકા હેઠળ ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરતા કચરાના કો ન્ટ્રાકટમાં કાર્યરત અનેક કામદારોના બેંક ખાતામાં દર મહીને પગાર જમા થાય છે. પરંતુ તાજેતરમાં જાણવા મળ્યું કે અમારા બેંક ખાતામાં જમા થયેલ પગાર અમારા જ એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને અજાણી વ્યકિત દ્વારા અમારો પગાર ઉપાડી લેવાયો છે અને અમારી સાથે છેતરપીંડી થઇ છે. આ પગારનું ખાતુ હોવાથી અમે અમારા કોન્ટ્રાકટરને જયારે આ બાબતે રજુઆત કરી અને કોન્ટ્રાકટર પાસે અમારી પાસ બૂક તથા એટીએમ માંગ્યા ત્યારે તેમના દ્વારા એવું કહેવામાં આવ્યું કે તમારું એટીએમ અને પાસ બૂક અમારી પાસે નથી, જાવ તમે પોલીસ ફરિયાદ દાખલ કરો. આ બાબતની વારંવાર રજુઆત કરવા છતાં કોઈ પગલા ન લેવાતા કાયદાની જોગવાઈ મુજબ રસ્તો લેવો પડયો છે. એએસઆઇ હર્ષભાઇ કે. માવદીયાએ વધુ તપાસ હાથ ધરી છે.